Received on : 09-03-2026
Registered on : 09-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 09

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ
## <u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૮૪/૨૦૨૬.</u>

<u>આંક–</u>

**<u>અરજદાર/આરોપી.</u>** ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા,
ઉ.વ.આ.૩૪, ધંધો–વેપાર,
રહે. સંધીપરા ખ્વાજા નગર સામે,
જુનાગઢ.
હાલ – જીલ્લા જેલ જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬ / ૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એ.એમ.મકરાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, વચગાળાના જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે દિન-૦૮ ના વચગાળાની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એમ.મકરાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામે અરજદાર/આરોપીને જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧ ૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧ (૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાના કામે અટક કરવામાં આવતા અરજદાર/આરોપી તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. અરજદાર/આરોપીના પિતાને પથરીની તકલીફ છે અને તે અંગે ઓપરેશન કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે. વધુમાં અરજદાર/આરોપીના ઘરમાં કમાનાર વ્યકિત અન્ય કોઈ નથી તેમજ અરજદાર/આરોપીના ઘરની આર્થીક સ્થિતી સારી નથી. જેથી અરજદાર/આરોપીને તેઓના પિતાની સારવાર માટે તથા આર્થીક વ્યવસ્થા કરવા માટે દિન-૮ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી ગુનાના કામે મુખ્ય આરોપી રહેલ છે. આ કામના અન્ય આરોપીઓની જામીન અરજી ફો.પ.અ.નં.૮૮૩/૨૦૨૫, ૮૮૪/૨૦૨૫, ૨૭/૨૦૨૬ તથા ૧૪૫/૨૦૨૬ નામંજુર કરવામાં આવેલ હતી. વધુમાં આ કામે કુલ સાયબર ફ્રોડની રકમ ધ્યાને લેતા રૂ.૯,૪૩,૭૦,૩૩૫/- રહેલ છે. આમ, ગુનાની ગંભીરતા તથા સાયબર ફ્રોડની રકમ ધ્યાને લેતા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું આંક-૦૬ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબા તથા આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા હાલના અરજદાર/આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા આરોપી નં.૪ કાજીમ મહમદભાઈ રાજસુમરા વાળાઓએ પોતે તથા પોતાના મળતીયાઓ આરોપી નં.૫ સાહીલ ગફારભાઈ સમા તથા આરોપી નં.૬ અજય ઉર્ફે કાનો મનુભા સોનાગરા તથા આરોપી નં.૭ અંજુમ છોટુભાઈ ચૌહાણ સીપાઈ તથા આરોપી નં .૮ અરબાજ ઈકબાલભાઈ કુરેશી તથા આરોપી નં.૯ અરજદાર/આરોપી સાંઈ ઉર્ફે મંથન થોરાટ મરાઠી, નં.૧૦ કરીમ અહેમદ સીડા તથા નં.૧૧ સાહબાજ જાફરભાઈ કુરેશી તથા નં.૧૨ મુસો હાસમભાઈ મુસાણી, રહે.જેતપુરવાળાઓ મારફતે બેન્ક એકાઉન્ટો મેળવી તેમજ જે કુલ પર એકાઉન્ટો મેળવી જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ તથા ઓનલાઈન ગેમીંગના રૂપિયા જમા કરાવી જે રૂપિયાઓ જે તે એકાઉન્ટમાં ખાતા ધારકો અથવા મળતીયા માણસો ધ્વારા એ.ટી.એમ.અથવા ચેકથી વીડ્રો કરી રૂપિયાનું રોકડમાં રૂપાંતર કરી જે રોકડા રૂપિયા તમામ આરોપીઓએ પોતાનું કમીશન

બાદ કરી બાકીના રૂપિયા આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબાનાઓ ધ્વારા આરોપી ન.૧૩ રાજુ ઉર્ફે રામભાઈ ભાવનગરવાળાને આંગડીયા મારફતે મોકલતા તેણે તે રૂપિયાનું યુ.એસ.ડી.ટી.માં રૂપાંતર કરી આરોપી નં.૧૪ ઈરફાન જાદુગર રહે.દુબઈવાળાને મોકલી તમામ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ મોટુ આંતરરાષ્ટ્રીય રેકેટ રચી તમામ આરોપીઓ તથા જુદા જુદા બેન્ક એકાઉન્ટના ધારકો પોતે પોતાના એકાઉન્ટમાં વારંવાર સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતા હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ પર એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂા.૯,૪૩,૭૦,૩૩૫ જમા કરાવડાવી જે રૂપિયા એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડાવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી બેન્ક એકાઉન્ટના ધારકો તથા તે તમામ આરોપીઓએ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, આરોપી નં.(૧ ) અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબા તથા આરોપી નં.(૨) અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા હાલના અરજદાર/આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા આરોપી નં.(૪) કાજીમ મહમદભાઈ રાજસુમરા વાળાઓએ પોતે તથા પોતાના મળતીયાઓ આરોપી નં.(૫) સાહીલ ગફારભાઈ સમા તથા આરોપી નં.(૬) અજય ઉર્ફે કાનો મનુભા સોનાગરા તથા આરોપી નં.(૭) અંજુમ છોટુભાઈ ચૌહાણ સીપાઈ તથા આરોપી નં.(૮) અરબાજ ઈકબાલભાઈ કુરેશી તથા આરોપી નં.(૯) સાંઈ ઉર્ફે મંથન થોરાટ મરાઠી, નં.(૧૦) કરીમ અહેમદ સીડા તથા નં.(૧૧) સાહબાજ જાફરભાઈ કુરેશી તથા નં.(૧૨) મુસો હાસમભાઈ મુસાણી, રહે.જેતપુરવાળાઓ મારફતે બેન્ક એકાઉન્ટો મેળવી તેમજ જે કુલ પર એકાઉન્ટો મેળવી જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ તથા

ઓનલાઈન ગેમીંગના રૂપિયા જમા કરાવી જે રૂપિયાઓ જે તે એકાઉન્ટમાં ખાતા ધારકો અથવા મળતીયા માણસો ધ્વારા એ.ટી.એમ.અથવા ચેકથી વીડ્રો કરી રૂપિયાનું રોકડમાં રૂપાંતર કરી જે રોકડા રૂપિયા તમામ આરોપીઓએ પોતાનું કમીશન બાદ કરી બાકીના રૂપિયા આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબાનાઓ ધ્વારા આરોપી નં.(૧૩) રાજુ ઉર્ફે રામભાઈ ભાવનગરવાળાને આંગડીયા મારફતે મોકલતા તેણે તે રૂપિયાનું યુ.એસ.ડી.ટી.માં રૂપાંતર કરી આરોપી નં.(૧૪) ઈરફાન જાદુગર રહે.દુબઈવાળાને મોકલી તમામ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ મોટુ આંતરરાષ્ટ્રીય રેકેટ રચી તમામ આરોપીઓ તથા જુદા જુદા બેન્ક એકાઉન્ટના ધારકો પોતે પોતાના એકાઉન્ટમાં વારંવાર સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતા હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ પર એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂા.૯,૪૩,૭૦,૩૩૫ જમા કરાવડાવી જે રૂપિયા એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડાવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી ગુનો આચરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં આ કામે સાયબર ફ્રોડની રકમ ધ્યાને લેતા ખુબ મોટા પ્રમાણમાં રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી અન્ય આરોપીઓ સાથે સાયબર ફ્રોડની રકમ એકાઉન્ટમાં જમા કરાવડાવી તે પૈસા ઉપડાવી અન્ય આરોપી ઈરફાન ઉર્ફે જાદુગર, રહેવાસી. દુબઈવાળાને મોકલી આપેલ હોવાનો આક્ષેપ રહેલ છે. આમ, હાલના કામનો ગુનો ધ્યાને લેતા આતંરરાષ્ટ્રીય નેટવર્ક ધરાવે છે. વધુમાં સાયબર ફ્રોડથી ઉભા થયેલા નાણાં સમાજ વિરોધી તથા દેશ વિરોધી પ્રવૃતિમાં વાપરવામાં આવતા હોવાની હકીકત નકારી શકાય નહી. વધુમાં અરજદાર/આરોપીએ તેઓના પિતાનું પથરીનું ઓપરેશન કરાવવાનું હોય તે બાબતે વચગાળાના જામીનની માંગણી કરેલ છે. જો કે, આ કામનું રેકર્ડ ધ્યાને લેતા અરજદાર/આરોપીના પિતા તેઓની

માંદગી સબબ સારવાર લેતા આવેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં અરજદાર/આરોપીના ઘરે અરજદાર/આરોપી સિવાય અન્ય કોઈ સભ્ય ન હોવાની હકીકત રેકર્ડ ઉપર ફલીત થતી નથી. તેમજ અરજદાર/આરોપી આર્થીક મદદ કરવા માટે પણ વચગાળાના જામીન આપવા માટેનું એક કારણ જણાવે છે. જો કે, અરજદાર/આરોપી પોતે કયો વ્યવસાય કરવા માંગે છે અને તે કારણસર તેઓ પોતાના કુટુંબને આર્થિક કેવી રીતે મદદ કરવા માંગે છે તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. વધુમાં અરજદાર એવો કયો વ્યવસાય કરતા હોય તેવુ પણ ફલીત થતુ ન હોય કે જે કારણસર તેઓ આ ટૂંકા ગાળામાં સારી એવી આવક મેળવી શકે અને પોતાના પરિવારને આર્થિક રીતે મદદ કરી શકે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ હોવાની ફરીયાદ પક્ષેની રજુઆત રહેલ છે. તેમજ આ કામના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

- હાલના અરજદાર/આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા, રહે. સંધીપરા ખ્વાજા નગર સામે, જુનાગઢવાળાની જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની વચગાળાની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)